# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/237 Dt. 09/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના જીએફઆરઆરસી દ્વારા ટેક્સટાઇલ પર્વ 2.0નો છઠ્ઠો દિવસ

## કોમનવેલ્થ ગેમ્સ ટેક્સ્ટાઈલ ઉદ્યોગ માટે મોટી તકો લઈને આવી રહી છે, ઉદ્યોગ સાહસિકો અત્યારથી તૈયાર થાઓ : શ્રી એસ. પી. વર્મા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવાર, તા. 6 ડિસેમ્બરે ટેક્ષ્ટાઇલ પર્વના છઠ્ઠા દિવસે "ભારતની ટેક્સટાઇલ નીતિનું ભવિષ્ય અને વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં સુરતની ભૂમિકા" વિષય પર વિચાર મંથન કરવામાં આવ્યું, જેમાં ચેમ્બરના ટેક્સટાઇલ ટાસ્ક ફોર્સના સલાહકાર તથા ભારત સરકારના નિવૃત્ત અધિક ટેક્સટાઇલ કમિશનર શ્રી એસ. પી. વર્માએ આ મુદ્દે વિગતે છણાવટ કરી હતી.

કાર્યક્રમનો પ્રારંભ કરતા ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે વર્મા સાહેબ પાસે ટેક્સ્ટાઈલ ઉદ્યોગનું ગહન જ્ઞાન છે. આપણે સેન્ટર ઑફ એક્સલેન્સ માટે એમને કન્સલ્ટન્ટ તરીકે નિમ્યા છે. ટેક્સ્ટાઈલના ઈનોવેશન માટે સૌએ આજીવન વિદ્યાર્થી બનીને રહેવું જોઇએ તો જ નવું શીખવા મળશે.

શ્રી એસ.પી વર્માએ ભારતની ટેક્સટાઇલ નીતિના બદલાતા સ્વરૂપ, વૈશ્વિક તકો, મેન-મેઇડ ફાઇબર (MMF) મૂલ્ય શૃંખલાના પડકારો તથા વિશ્વ ટેક્સટાઇલ વેપારમાં વધુ હિસ્સો મેળવવા સુરતની વ્યૂહાત્મક સ્થિતિ પર પ્રકાશ પાડ્યો. તેમણે ટેક્નોલોજી અપગ્રેડેશન, સસ્ટેનેબિલિટી, કૌશલ્ય વિકાસ તથા વૈશ્વિક સપ્લાય ચેઇન વિશે વિગતે સમજ આપી હતી અને કહ્યું કે પરિવર્તન કુદરતનો નિયમ છે. જો અત્યારે જ ધ્યાન આપવામાં આવે તો આવનારો સમય ભારતમાં ટેક્સ્ટાઈલ ક્ષેત્રે સુરતનો જ છે. ટેક્સ્ટાઈલ પોલિસી 2024માં સસ્ટેનેબિલિટી , ઈનોવેશન અને રોકાણ પર ભાર મૂક્યો છે. સ્માર્ટ અને ટેકનિકલ ટેક્સ્ટાઈલ પર વિશેષ ધ્યાન અપાયું છે.

તેમણે કહ્યું કે 2030માં અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે. તમે વિચારો કે અત્યારથી પ્રેક્ટિસ શરૂ કરો તો ટેક્સ્ટાઈલ માટે કેટલી મોટી તક આવી રહી છે. ઘણી તક દરવાજે આવી ઊભી છે, અભી નહીં તો કભી નહીં. વિશ્વમાં સિન્થેટિક કાપડની માગ વધી રહી છે, જો ભારત એને મોટા પાયે તૈયાર નહીં કરે તો ભારતમાં તેની આયાત થવા લાગશે. ટેક્સ્ટાઈલ સાહસિકોને નવી પેઢીને ગાર્મેન્ટમાં લગાવવી જોઇએ. કાપડના માથાદીઠ વપરાશમાં આપણે હજી ઘણા પાછળ છીએ એટલે આવનારો સમય સુરત માટે ઘણો ઉજ્જવળ છે, એમએમએફ ઉદ્યોગની માગ રહેવાની છે.

આ સાથે જ તેમણે પર્યાવરણીય ચિંતાઓ, કુશળ કારીગરોની અછત જેવા ભાવિ પડકારો વિશે પણ તેમણે ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે ચીનની હરીફાઈ માટે સુરતે સમર્પિત ટેક્સ્ટાઈલ મશીનરી પાર્ક સ્થાપવાની જરૂર છે. તેમણે સુધારેલી પીએલઆઈ હેઠળ પ્રોત્સાહનોની સમજ આપી ઉદ્યોઅગકારોના પ્રશ્નોના જવાબો પણ આપ્યા હતા.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ તથા ટેક્સટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતીએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. જી.એફ.આર.આર.સી.ના કો-ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.